# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **આજે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઇન્ડિયા દિવસની ઉજવણી – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં સંબોધન કરશે.**
2. **રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશનની શરૂઆતને આજે 10 વર્ષ પૂર્ણ થયા, રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીની ગુજરાતી ભાષાની આવૃતિનું વિમોચન કર્યું.**
4. **વલસાડમાં ક્રાઈમ બ્રાન્ચે નકલી ચલણી નોટ રેકેટનો પર્દાફાશ કરી એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરી.**
5. **ICC અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની પહેલી મેચમાં ભારતે ડકવર્થ-લુઇસ પદ્ધતિ હેઠળ અમેરિકાને 6 વિકેટે હરાવ્યું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# STARTUP INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલના દસ વર્ષની ઉજવણીના ખાસ કાર્યક્રમમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમના સભ્યો સાથે વાતચીત કરશે. પસંદગીના સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ પણ તેમની ઉદ્યોગસાહસિક યાત્રા અંગે વાત કરશે.

આ પહેલ આજે વિશ્વની સૌથી મોટી અને સૌથી વૈવિધ્યસભર સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાંની એક બની ગઈ છે , જે વિકસિત ભારત 2047 તરફ ભારતની સફરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

---

# STARTUP INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દ્રઢ પ્રતિબદ્ધતાને ઉજાગર કરવાના હેતુસર વર્ષ 2016માં શરૂ કરેલા રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશનની શરૂઆત કરાઇ હતી , જેને આજે દશ વર્ષ પૂરા થયા છે. દર વર્ષે 16મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ’ ઉજવવામાં આવે છે.

આમ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસે માત્ર ઉજવણીનો દિવસ નહીં પરંતુ દેશભરમાં નવીનતા આધારિત આર્થિક વિકાસની પ્રતિબદ્ધતાનો દિવસ છે. રાજ્યમાં 16 હજાર કરતાં વધુ સ્ટાર્ટઅપ્સ અમલી છે, જેમાં ડીપ-ટેકથી લઈને કૃષિ , હેલ્થકેર, ક્લીનટેક અને ઇલેક્ટ્રિક મોબિલિટી ક્ષેત્રોના સ્ટાર્ટઅપનો સમાવેશ થાય છે.

એક અહેવાલ સાંભળીએ

# વોઈસ કાસ્ટ – સોનલ પરમાર

---

## AMIT SHAH SASTU SAHITY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીનું અમદાવાદ ખાતે વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું હતું કે , 117 વર્ષ જૂની ‘સસ્તું સાહિત્ય’ સંસ્થા ફરી બેઠી થઈ, આગામી 50 વર્ષ સુધી જ્ઞાન પીરસતી રહેશે . સસ્તું સાહિત્ય દ્વારા ‘આદિ શંકર સમગ્ર’ ગ્રંથાવલીનું વિમોચન કરાયું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ઘટના છે.

### બાઇટ - ગૃહમંત્રી અમિત શાહ

સસ્તું સાહિત્ય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને ડૉ. ગૌતમ પટેલ દ્વારા સંપાદિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલીના ભાગ 1થી 15 ગ્રંથોનું અમદાવાદ ખાતે વિમોચન કરાયું હતું.

---

## VALSAD – FAKE CURRENCY NOTES

વલસાડમાં ક્રાઈમ બ્રાન્ચે નકલી ચલણી નોટ રેકેટનો પર્દાફાશ કરી એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરી છે.

**LCBએ વાપીના હરિયા પાર્ક વિસ્તારમાં એક ફ્લેટમાંથી નકલી નોટ છાપવાની કામગીરી પકડી પાડી 24 લાખ 70 હજાર રૂપિયાની નકલી નોટો જપ્ત કરવામાં આવી હતી.**

**આ અંગે નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેએ વધુ માહિતી આપી**

**બાઈટ - બી.એન. દવે (ડીવાયએસપી), વાપી ડિવિઝન**

---

## RAJKOT ANTI NARCOTICS

**રાજકોટમાં C.I.D. એન્ટી નાર્કોટિક્સ વિભાગનો પ્રારંભ થયો છે.**

**પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. શ્રી ઝા એ રાજકોટ ઝોનમાં શરૂ કરાયેલા C.I.D. એન્ટી નાર્કોટિક્સ વિભાગને રાજકોટ પોલીસ સાથે સંકલનમાં રહીને ગાંજો અને નાર્કોટિક્સ ડ્રગ્સના કેસમાં આરોપીને વધુમાં વધુ સજા મળે તે પ્રકારે કામગીરી કરવા સૂચના આપી હતી.**

**અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ પોલીસ વિભાગ તેમજ ખેતીવાડી વિભાગને સંયુક્ત રીતે ગાંજાની ખેતી ન થાય તે અંગે ગ્રામ્ય લોકો , ખેડૂતોમાં જનજાગૃતિ કરવા તાકીદ કરી હતી. અને શાળા કોલેજના પી.ટી. શિક્ષકો પણ વિદ્યાર્થીઓને ડ્રગ્સના દુષણથી દૂર રહેવા માર્ગદર્શન આપવા જણાવ્યું હતું.**

---

# PORBANDAR COMPASSION CAMPAIGN

પોરબંદરમાં કરુણા અભિયાન અંતર્ગત પશુપાલન નિયામક વિભાગ દ્વારા 6 એમ્બ્યુલન્સ મુકી 58 પશુ-પક્ષીના જીવ બચાવાયા હતા.

મકરસંક્રાંતિ નિમિતે પતંગના દોરથી પશુ -પક્ષીઓ ઇજાગ્રસ્ત બનતા હોય છે, અને આવા ઇજાગ્રસ્ત પશુ -પક્ષીની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા કરુણા અભિયાન ચલાવવામાં આવે છે , ત્યારે પોરબંદરના પશુ પાલન વિભાગ દ્વારા 3 દિવસ માટે ખાસ કિસ્સામાં 6 જેટલી પશુ એમ્બ્યુલન્સ સ્ટેન્ડબાય રાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે ઇન્ચાર્જ પશુપાલક નિયામક ડૉ હાર્દિક વેગડિયાએ વધુ માહિતી આપી

## બાઈટ - ડો. હાર્દિક વેગડિયા (ઈન્ચાર્જ પશુપાલક નિયામક)

---

# DANG – AGRICULTURAL PROGRESS

ડાંગ જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા જિલ્લાના ખેડુતો માટે એક તાલીમનું આયોજન કરી એપ્લિકેશન વિશે માહિતી આપી તમામ ખેડુતોને મોબાઇલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ખેતીવાડી અધિકારી ખેડૂતોને આ એપ્લિકેશન કેવી રીતે ડાઉનલોડ કરી શકાય અને તેના ફાયદા અંગે વિગતવાર માહિતી આપી હતી

ખેડૂતો કૃષિ પ્રગતિ વ્હોટ્સએપ ચેનલ ફોલો કરીને ત્વરીત કૃષિ-વિષયક માહિતી મેળવી શકે છે. "કૃષિ પ્રગતિ" યુટ્યુબ ચેનલ સબસ્ક્રાઈબ કરી કૃષિ-વિષયક માહિતી સભર વિડીયો નિહાળી શકે છે.

ઉલ્લેખનીય છે કે, આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા ખેડૂતોને પાકની વાવણીથી લઈને કાપણી સુધીના દરેક તબક્કે ખેતી આધારિત માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

---

## CRICKET - U-19 WORLD CUP

ICC અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની પહેલી મેચમાં ભારતે ડકવર્થ-લુઇસ પદ્ધતિ હેઠળ અમેરિકાને 6 વિકેટે હરાવ્યું હતું. ગઈકાલે ઝિમ્બાબ્વેમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા અમેરિકાએ 35 ઓવર અને બે બોલમાં માત્ર107 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું હતું.

ત્યારબાદ વરસાદને કારણે મેચ 37 ઓવરની કરવામાં આવી હતી. ભારતીય ટીમે સુધારેલો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. ભારતના હેનિલ પટેલને પાંચ વિકેટ લેવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

ભારત આવતીકાલે ગ્રુપ-Aની આગામી મેચમાં બાંગ્લાદેશનો સામનો કરશે.

---

# AMRELI HEALTH DEPARTMENT PREMIUM LEAGUE SEASON 3

અમરેલી શહેરના આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ ડિપાર્ટમેન્ટ પ્રીમિયમ લીગ સીઝન-3 ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી આરોગ્ય વિભાગની ટીમો ભાગ લઈ રહી છે.

ચાર દિવસ સુધી ચાલનારા આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુખ્ય હેતુ આરોગ્ય વિભાગના કર્મચારીઓમાં ટીમવર્ક , શારીરિક તંદુરસ્તી અને પરસ્પર એકતાની ભાવના વિકસાવવાનો છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓ , કર્મચારીઓ અને રમતપ્રેમીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યા છે.

અમરેલી હેલ્થ નર્સિંગ સુપરવાઇઝર અમિત પરમારે જણાવ્યું કે , આ ટુર્નામેન્ટમાં ઉના, બાબરા, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, ખાંભા સહિત 16 ટીમો ભાગ લઈ રહી છે.

---